**ગાંધીનગરમાં સંતાનોની પરીક્ષા સાથે વાલીઓની પણ કસોટી**

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



**સાહેબ... આ બંને ચિત્ર ધ્યાનથી જુઓ... દાઢી એક જેવી છે... હાસ્ય પણ સરખું... ટી શ્રી ને અંદરની સંપત્તિ મળી છે એટલે સુંદર હાસ્ય કરે છે અને બીજા... ફી ફી છે જેમના હાસ્યનું કારણ બહારની સંપત્તિ છે...!!**

### ખાણ ખનીજ વિભાગની નિષ્ક્રીયતા વચ્ચે

# રેતી ચોરી પકડવા પોલીસનું મેગા ઓપરેશન

## સે-૭, ડભોડા અને ઈન્ફોસીટી પોલીસની ટીમે રાત્રે સાબરમતી નદીમાં સંયુકત રેડ પાડી : ચોરી કરેલી રેતી ભરેલા ૧૧ ટ્રેકટરો સાથે ત્રણની ધરપકડ : આઠ શખ્સો અંધારામાં નાસી છુટયા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર પાસેથી પસાર થતી સાબરમતી નદીમાંથી રેતી ચોરીનું મસ મોટું કૌભાંડ બેરોકટોક ચાલે છે. ખાણ ખનીજ વિભાગની નિષ્ક્રિયતા વચ્ચે હવે ગ્રામજનો સકીય થયા છે અને રેતી ચોરી પર રોક લાવવા પોલીસને ફરિયાદ કરી રહ્યા છે જેને ધ્યાને લઈને એએસપી કરણરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ સેકટર-૭, ડભોડા અને ઈન્ફોસીટી પોલીસની ટીમોએ ગઈ રાત્રે શાહપુર બ્રીજ પાસેથી સંયુકત રેડ કરી મેગા ઓપરેશન પાર પાડયું હતું. પોલીસે દરોડો પાડીને ૧૧ ટ્રેકટરો જપ્ત કરીને ત્રણ શખ્સોની ધરપકડ કરી લીધી છે જયારે આઠ શખ્સો રાત્રે અંધારાનો લાભ લઈને ફરાર થઈ ગયા હતાં. તેમની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

ગ્રામજનો પાસેથી મળેલી પુષ્કળ ફરિયાદોને ધ્યાને લઈ ગાંધીનગર એએસપી કરણરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ ગઈ રાત્રે દશ વાગ્યાના અરસામાં પોલીસની વિવિધ ટુકડીઓએ રેતી ચોરો પકડવા સાબરમતી નદીમાં મેગા ઓપરેશન કર્યુ હતું. ડભોડા પોલીસ, સેકટર-૭ પોલીસ અને ઈન્ફોસીટી પોલીસે મળીને ત્રણ પોલીસ સ્ટેશનોની ટીમોએ મળીને રાત્રે શાહપુર બ્રીજ પાસેથી સાબરમતી નદીમાં સંયુકત દરોડો પાડયો હતો. રેતી ભરેલા ૧૧ ટ્રેકટરો (ટ્રોલી સાથે) પોલીસે પકડી પાડી રૂ. ૨૭.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ઈન્દ્રોડા ગામના જીતેન્દ્ર નટુસિંહ ઠાકોર, દાહોદના ફતેપુરના નરેશ પારસીંગ સંધાડા અને સુરેશ ગલસિંગ ગરાસીયા મળીને ત્રણની ધરપકડ કરી લેવામાં આવી હતી જયારે આઠ શખ્સો ટ્રેકટરો મુકીને અંધારામાં ફરાર થઈ ગયા હતા. પોલીસે પકડાયેલા ત્રણેયને કોર્ટમાં રજુ કરતા ૧૪મી માર્ચ સુધીના રીમાન્ડ મંજુર થયા છે. તેમની પુછપરછ શરુ કરીને ફરાર આરોપીઓ સુધી પહોંચવા પોલીસે દોડધામ શરૂ કરી છે.



## ખૂણે ખાંચરેથી...

● ગુડાએ આજે શહેર અને જિલ્લાની ૧૦૦ આંગણવાડીના બાળકો માટે ધાણી-ખજૂરની ભેટ આપી જન્મદિવસની ઉજવણીનો સંકલ્પ જાહેર કર્યો હતો.

● મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ અને રાજ્યમંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીનું સ્વાગત કમળ બનાવી ધાણી-ખજૂરથી સ્વાગત કરાયું હતું.

● ગાંધીનગરમાં આજે ઐતિહાસિક દાંડી-યાત્રાના દિવસની ઉજવણી વિસરાઈ હતી.

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પ્રભાવ વધતાં જ લોકો હવે ઘરમાં રહેવાનું વધુ પસંદ કરી રહ્યા છે.

● ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા કાઉન્સીલરોને અપાતી વિકાસ કામોની ગ્રાન્ટની નીતિમાં ફેરફાર કરવાની વિચારણા હાથ ધરાઈ છે.

## ચિલોડા પે સેન્ટરની શાળાના ૧૦ જર્જરીત રૂમો નવા બનાવાશે

ગાંધીનગર તા ૧૨

ચિલોડા પે સેન્ટરના ૧૦ રૂમો જર્જરીત હાલત થઈ જવાથી તોડીને નવા ઓરડા બવાવવાની શાળા દ્વારા માંગણી કરવામાં આવી છે. આ સાથે શાળાના ૩ ગેલ્વેનાઈઝ પતરા અને ધાબાવાળા રૂમોને તોડી પાડવાની મંજૂરી પણ લેવામાં આવી છે. આ નવીન ઓરડાના નિર્માણ માટેની કામગીરી ટુંક જ સમયમાં હાથ ધરવામાં આવનાર છે જેથી શાળાના બાળકોને વહેલી તકે હાલાકીમાંથી છૂટકારો મળશે.






## અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થય સંઘ દ્વારા મહિલા દિનની ઉજવણી

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થય સંઘ ગાંધીનગર જિલ્લા શાખાના ઉપક્રમે વિશ્વ મહિલા દિનની ઉજવણી તાજેતરમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે નારી સંરક્ષણ ગૃહની અંતેવાસી બહેનોને શોભનાબેન શાહ કે જે યોગ, નેચરોપેથી તેમજ એકયુપ્રેશર નિષ્ણાંત છે. તેઓએ સ્વયંસ્વસ્થ કેમ રહેવું તેની ખુબ રસપ્રદ માહિતી આપી હતી. આ પ્રસંગે રસીલાબેન વાઘવાણીએ મહિલા સશકિતકરણ પર વિશેષ માહિતી પુરી પાડી હતી. આ સુંદર કાર્યક્રમમાં કારોબારી સભ્યો, હોદેદારો અને અંતેવાસી બહેનો હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સ્વાગત પ્રવચન પ્રમુખ શર્મિષ્ઠા બેન દવેએ કર્યુ હતું. જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના મંત્રી લીનાબેન મહેતાએ કર્યુ હતું.

# ધોરણ-૧૦ ગણિતના પેપરમાં સરઢવમાં ત્રણ વિદ્યાર્થીઓ સામે કોપી કેસ દાખલ કરાયો

**સરઢવની સાર્વજનિક હાઈસ્કુલમાં વિદ્યાર્થીઓ પાસેથી પરિક્ષાલક્ષી સાહિત્ય મળી આવતા બોર્ડની સ્કોવોર્ડે ગેરરીતીનો કેસ દાખલ કર્યો**

ગાંધીનગર તા ૧૨

ધોરણ-૧૦ની બોર્ડ પરિક્ષામાં આજે ગણિત વિષયનુ પેપર હતુ જયારે પરિક્ષા દરમિયાન સ્કોવોર્ડની ટીમે સરઢવ સાર્વજનિક હાઈસ્કુલમાંથી ત્રણ વિદ્યાર્થીઓને કોપી કરતા ઝડપી લીધા છે. સ્કોવોર્ડની ટીમે ત્રણે વિદ્યાર્થીઓ પાસેથી પરિક્ષાલક્ષી સાહીત્ય ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી છે.

બોર્ડ પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પરિક્ષાખંડમાં સી સી ટીવી કેમેરાની વોચ ગોઠવવામાં આવી છે. જયારે પરિક્ષા દરમિયાન ચોરી ન થાય તે માટે બોર્ડ દ્વારા સ્કોવોર્ડની ટીમ પણ કેન્દ્રો પર રાઉન્ડ લે તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગઈકાલે પણ પરિક્ષા દરમિયાન બે કોપી કેસ નોંધાયા હતા. જયારે આજે પણ જિલ્લાના સરઢવ ગામમાં સ્થિત સાર્વજનિક હાઈસ્કુલમાં ત્રણ વિદ્યાર્થીઓ કાપલી કરતા ઝડપાયા હતા. ધોરણ-૧૦ માં આજે ગણિત વિષયની પરિક્ષા હતી. ત્યારે સરઢવ સાર્વજનિક હાઈસ્કુલમાં સ્કોવોર્ડની ટીમે રાઉન્ડ લીધો હતો.

આ દરમિયાન પરિક્ષાખંડમાં ત્રણ વિદ્યાર્થીઓ પાસેથી પરિક્ષાલક્ષી સાહીત્ય ઝડપી લીધુ હતુ. સ્કોવોર્ડના સભ્યોએ ત્રણેય પાસેથી સાહીત્ય કબજે લઈ કોપી કેસ દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.પરિક્ષા દરમિયાન જિલ્લામાં કુલ ૫ જેટલા કોપી કેસ દાખલ થયા છે. અગાઉ કલોલ તાલુકાની કેરેવાન હાઈસ્કુલમાંથી પણ વિદ્યાર્થી અપેક્ષિતમાંથી ચોરી કરતો ઝડપાયો હતો. જયારે અગાઉ માણસા અને દહેગામમાં પણ ચોરીનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

# ગાંધીનગરમાં સંતાનોની પરીક્ષા સાથે વાલીઓની પણ કસોટી

ગાંધીનગર, તા.૧૨

રાજયમાં હાલ ધો-૧૦ અને ધો-૧૨ની બોર્ડ પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં ચાલી રહી છે. શિક્ષણ ક્ષેત્રે રાજયભરમાં આગવી નામના ધરાવતા ગાંધીનગરમાં બહારગામથી અનેક વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે. આ વિદ્યાર્થીઓની પરીક્ષાને લઈને ચિંતીત વાલીગણ પરીક્ષા દિને પોતાના સંતાનને પરીક્ષા અપાવવા ગાંધીનગર આવે છે જેથી પોતાનું સંતાન શાળામાં પરીક્ષા આપે તે દરમિયાન શાળાથી દુર વાલીઓનો રીતસર રઝળપાટ નજરે પડી રહ્યો છે. શિક્ષણ હબ તરીકે ગણાતા પાટનગરમાં શિક્ષણની બીજી બાજુનું ધ્યાન જ રખાયું ન હોય તેવા દશ્યો સર્જાયા છે. જેથી રાજયમાંથી આવેલા વાલીઓ પાટનગરની ઉમદા છબી લઈને જાય તે માટે શાળાએ કે તંત્ર એ વાલીઓની યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ તે જરૂરી બન્યું છે.



બોર્ડ પરીક્ષા માટે તંત્ર એ ખુબ જ ચિવટપૂર્વકની વ્યવસ્થિત રીતે તૈયારીઓ કરી છે જેમાં વિદ્યાર્થીઓ ખલેલ વગર પરીક્ષા આપી શકે તેવી સુચારૂ વ્યવસ્થા પણ હાથ ધરેલી છે. ગાંધીનગરની અનેક શાળાઓમાં રાજયભરમાંથી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેમાં વળી ગાંધીનગરથી ૫૦ કે ૧૦૦ કિમીના અંતરે વસવાટ કરતાં વાલીઓ પોતાના સંતાનને પરીક્ષા અપાવવા પરીક્ષા સ્થળે અચુક આવે છે. ધો-૧૦ના વિદ્યાર્થીઓ કે જે માનસિક રીતે હજુ સજ્જ નથી બન્યા તેઓને હુંફ મળી રહે અને કોઈ પણ જાતના ડર વગર પરીક્ષા આપી શકે તે હેતુથી પોતાના સંતાનની પડખે રહી ગાંધીનગરના પરીક્ષા કેન્દ્રો ઉપર આવે છે. વાલીઓ પોતાના સંતાનના ઉજજવળ ભવિષ્ય ખાતર પોતાના ધંધા-રોજગાર અને વ્યવસાયને પરીક્ષા દરમ્યાન બંધ રાખી શાળા બહાર બેસી રહે છે.

જો કે શિક્ષણ હબ તરીકે કુદકે ને ભુસકે આગળ ધસી રહેલા પાટનગરમાં પોતાનું સંતાન અભ્યાસ કરે તેવી ખેવના ધરાવતા વાલી વર્ગ પરીક્ષા સમયે પાટનગરની અલગ જ છાપ પોતાના મનમાં લઈને જતા હોય છે. જો કે સંતાનના અભ્યાસ માટે તમામ ન્યોછાવર કરવાની ઉત્તમ ભાવના હાલ પરીક્ષા કેન્દ્રો બહારનો તેમનો રઝળપાટ ભુલાવી દે છે. વાલીઓ પરીક્ષા કેન્દ્રો બહાર નિયમ મુજબ ઘણે દુર ઝાડ કે અન્ય આશરો શોધી બે થી ત્રણ કલાકનું આકરૂ તપ સહન કરે છે. ભુખ્યા રહીને પણ આ પરિસ્થિતિને તેઓ અપનાવી રહ્યા છે. જો કે વાહન લઈને આવતા વાલીઓ સાથે ચા-પાણી નાસ્તો લઈને આવે છે. અથવા તો ગાંધીનગરમાં રહેતા સગા સંબંધીઓનું ઘર શોધી લેતા હોય છે છતાં પણ શિક્ષણ વિભાગ કે શાળાઓ વાલીઓની આ તદ્દન વાસ્તવિક સ્થિતિનો સ્વીકાર કરી પરીક્ષા દરમ્યાન યોગ્ય વ્યવસ્થા હાથ ધરે તે રાજયના પાટનગરની શાનમાં અને શિક્ષણ હબ તરીકેના બિરૂદમાં ચાર ચાંદ લાગે તેવી સ્થિતિ લેખાશે.

# ગુજરાતમાં બેંકોની બેડલોનમાં બે ટકાનો વધારો

અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં બેંકોની બેડલોનમાં માત્ર નવ મહિનાના ગાળામાં જ બે ટકા સુધીનો ઉલ્લેખનીય વધારો થઈ ગયો છે. નોન પરફોર્મિંગ એસેટ (એનપીએ)માં નોંધપાત્ર વધારો થવા માટે કેટલાક કારણોને જવાબદાર ગણવામાં આવે છે. અર્થતંત્રમાં મંદી અને વૈશ્વિક મંદીને પણ આના માટે જવાબદાર ગણવામાં આવે છે. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૫ના દિવસે પુરા થયેલા ત્રિમાસિક ગાળામાં એનપીએમાં નોંધપાત્ર વધારો થયો છે. વર્તમાન નાણાંકીય વર્ષના પ્રથમ નવ મહિનામાં ગુજરાતમાં બેંકોના એનપીએમાં બે ટકાથી વધુનો વધારો અથવા તો આંકડો ૯૨૧૬ કરોડ સુધી વધી ગયો છે. ડિસેમ્બર ૨૦૧૫માં આંકડો અલગ હતો જે હવે જુદો નજરે પડે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના જણાવ્યા મુજબ સંપત્તિ એ વખતે નોન પર્ફોર્મિંગ બની જાય છે જ્યારે બેંકો માટે તેનાથી નાણા ઉભા કરી શકાતા નથી. બેંકોને જો રિપેમેન્ટ ૯૦ દિવસથી પણ વધુ સમય સુધી ઓવર ડ્યુ રહે તો એનપીએ તરીકે લોન જાહેર કરવી જોઈએ. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૫ના દિવસે પુરા થયેલા ત્રિમાસિક ગાળા સુધી બેંકો દ્વારા કરવામાં આવતા કુલ એડવાન્સમાં એનપીએનો આંકડો ૫.૪૮નો રહ્યો છે. આ ઘટસ્ફોટ એવા સમયે કરાયો છે જ્યારે કેન્દ્ર સરકાર બેડલોનના કારણે ઉભી થયેલી મુશ્કેલીમાંથી બહાર કાઢવા ઉભી થયેલી જાહેર ક્ષેત્રોમાં ૨૫૦૦૦ કરોડ રૂપિયા ઠાલવવાની યોજના ધરાવે છે. નવેસરના સ્ટેટ લેવલ બેંકર્સ કમિટિના અહેવાલમાં દાવો કરાયો છે કે, ગુજરાતમાં ગ્રોથ એડવાન્સ ઓફ બેંકનો આંકડો ૪૧૩૫૫૧ કરોડ રૂપિયા રહ્યો છે જ્યારે તેમનો ગ્રોસ એનપીએનો આંકડો ૨૨૫૬૯ કરોડ રૂપિયાનો રહ્યો છે.

# યુનિવર્સિટીમાં ચાલુ ક્લાસે પંખો પડતા ભારે દોડધામ

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ શહેરમાં સ્થિત ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલી કે.એસ.સ્કુલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટમાં ચાલુ ક્લાસે પંખો પડવાની ઘટના સામે આવી છે. જો કે આ વાતની જાણ વિદ્યાર્થીઓને થતા તુરંત જ ઘટના સ્થળ પર દોડી આવ્યા હતા.

મળતી માહિતી અનુસાર આ ઘટના બની ત્યારે ૫૦ જેટલા વિદ્યાર્થીઓ ક્લાસમાં બેઠા હતા જેમાં એક વિદ્યાર્થીનીને માથાના ભાગે ઈજા પહોંચી છે. સુત્રોના જણાવ્યા અનુસાર પંખો બે બેંચની જગ્યામાં પડતા કેટલાક વિદ્યાર્થીઓને મોઢાના ભાગે પંખાના પાંખિયા વાગ્યા છે. ચાલુ કલામાં અચાનક જ પંકો પડતા થોડા સમય માટે વિદ્યાર્થીઓમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. યુનિવર્સિટી કેમ્પસમાં વર્ષોથી ચાલતી કે.એસ.સ્કુલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટમાં પંખાઓનું યોગ્ય મેનેજમેન્ટમાં પંખાઓનું યોગ્ય મેઈન્ટેન્સ ન થતું હોવાના આક્ષેપ સાથે વિદ્યાર્થીઓમાં યુનિવર્સિટી તંત્ર સામે રોષ પણ પ્રવર્તી રહ્યાં છે.

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
YOUR OWN Resort
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હૉલ
નિરવતાનો રવ...



bansari Greens
week-end home
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન – (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299

॥ શ્રી ગણેશાય નમઃ ॥
હોટલ ધ ગ્રાન્ડ મિડવે
• રેસ્ટોરન્ટ • બેન્કેવટ હોલ • રૂમ •
ગાંધીનગરમાં સૌપ્રથમ વાર ૧૦ મે માળ રિસોર્ટ, રજવાડી અને સ્કાય લુક કુદરતી વાતાવરણમાં સ્વાદિષ્ટ ભોજનનો લાભ લેવા ગાંધીનગરના સર્વે નગરજનોને અમારુ આમંત્રણ છે.
સ્પે. ઓફર ૧૫% ડિસ્કાઉન્ટ

| સ્વાદિષ્ઠ ભોજન | સ્પેશ્યીલીસ્ટ |
|---|---|
| • પંજાબી | • બર્થ ડે પાર્ટી |
| • ચાઇનીઝ | • રીંગ સેરેમની |
| • સાઉથ ઇન્ડીયન | • મેરેજ હોલ |
| • કાઠીયાવાડી | • મીટીંગ હોલ |
| • ગુજરાતી | • કોન્ફરન્સ મીટીંગ |
| | • આઉટડોર કેટરીંગ |

સુમન સીટી, સીને મેક્સ થીયેટરની ઉપર, ૧૦ મો માળ, સેક્ટર -૧૧, ગાંધીનગર
(મો) 99793 59233, 99254 49233
(ફોન) 079 232 22282/84
લીફ્ટની સંપૂર્ણ વ્યવસ્થા છે.

